સારા શિક્ષણનો ધ્યેય છે : માનવનો વિકાસ



# જ્ઞાનપરબ

સામાન્ય અભ્યાસ માટે માહિતી પૂરું પાડતું લવાજમ વિનાનું માસિક ઈ મુખપત્ર


વર્ષ : ૧ | અંક નં: ૬ | ઓક્ટોબર ૨૦૧૪


## આ અંકમાં...


- ♣ મનોમંથન
- ♣ આપણું ગુજરાત આગવું ગુજરાત
- ♣ સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ
- ♣ જાણો મારું પૂરું નામ
- ♣ ગુજરાતી કહેવતો અંગ્રેજીમાં
- ♣ ભારતના બંધારણના પરિશિષ્ટો અને અગત્યના અનુચ્છેદો
- ♣ સપ્ટેમ્બર ૨૦૧૪ રાઉન્ડ અપ









:: સંપાદક ::

મિથુન પટેલ
મદદનીશ શિક્ષક
શ્રી લૈંડાઉ પ્રા.શાળા
તા. થરાદ જિ.બનાસકાંઠા



ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



વર્ષ નં : ૧
અંક નં: ૬

# જ્ઞાનપરબ

ઈ મેગેઝિન

ઓક્ટોબર
૨૦૧૪



## સામાયિક મેળવો...

'જ્ઞાનપરબ' દર માસની ૧ થી ૩ તારીખ દરમિયાન પ્રકાશિત કરવામાં આવ છે.આ માસિક પત્ર માટે કોઈ પણ લવાજમ લેવામાં આવતું નથી.

'જ્ઞાનપરબ' ને આપણા ઈ–મેઈલ બોક્ષમાં મેળવવા માટે SEND ME GYANPARAB લખીને અમારા ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી આપવું.

Email: mithunpatel09@gmail.com

આપ 'જ્ઞાનપરબ' ને ઓનલાઈન

www.mspatel09.in

પરથી પણ ડાઉનલોડ કરી શકો છો.

## વાચક મિત્રોને...

- આ સામયિક નો મુખ્ય હેતુ શૈક્ષણિક તેમજ વર્તમાન પ્રવાહોની માહિતી પુરી પાડવાનો છે.
- મિત્રો શિક્ષકો તેમજ બાળકોને ઉપયોગી થાય તેવા ઉપયોગી, પ્રેરણાદાયી, ટૂંકા લેખો જ્ઞાનપરબ માટે આવકાર્ય છે.
- આપ આપણા શૈક્ષણિક લેખો કે વિચારો અમારા ઈ–મેઈલ એડ્રેસ પર મોકલી શકો છો.
- જે તે લેખ કે વિચાર માટેની જવાબદારી જે તે લેખકની રહેશે.
- જ્ઞાનપરબ માટે આપણા પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય છે.

સુજ્ઞ સારસ્વત મિત્રો,
સાદર નમસ્કાર !

'જ્ઞાનપરબ' ના ઓક્ટોબર–૨૦૧૪ ના છઠ્ઠા અંકના માધ્યમથી આપ સૌને મળતાં અનેરા આનંદ અને ઉત્સાહની લાગણી અનુભવું છુ.

તહેવારોની સિઝન ભરપૂર પ્રમાણમાં ખીલી રહી છે ત્યારે આપ સૌ વાચક મિત્રોને હું નવરાત્રીના તહેવારની અને આવી રહેલા દિવાળીના પર્વની શુભકામનાઓ પાઠવું છું. આ ઉપરાંત ચાલુ માસની ૧૨ મી તારીખે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ – ૧ અને ૨ માટેની પરીક્ષા આયોજીત થઈ રહી છે તે માટે ઉમેદવારોને પણ શુભકામનાઓ પાઠવું છું

આ અંકમાં ગયા અંકોની જેમ આપણે બધાને થોડું મનોમંથન કરવા પ્રેરે તેવી 'બદનસીબ કોણ??' નામે નાની વાત મૂકી છે.ઉપરાંત આપ સૌને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી થાય તેવું ભાથું પીરસવાનો પ્રયાસ કર્યો છે.વાચન વિશેષમાં *'ભારતનું બંધારણ'* વિશે માહિતી આપવાનો તથા સપ્ટેમ્બર માસમાં બનેલા અગત્યના બનાવોની તારીખવાર નોંધ આપવાનો નાનો પ્રયાસ કરેલ છે.

આશા રાખીએ છીએ કે આ અંક આપણને ઉપયોગી નીવડશે.

જય જય ગરવી ગુજરાત'
આભાર સહ
મિથુન પટેલ

# મનોમંથન

## બદનસીબ કોણ ?

એક વાર એક યાત્રીઓથી ભરેલી બસ રસ્તા ઉપર જઈ રહી હતી. ચોમાસાની ઋતુ હોવાના કારણે હવામાન ખૂબ ખરાબ હતું. આકાશમાં વીજળી ખૂબ જ ભયંકર રીતે પોતાની હાજરીનો વરતારો આપી રહી હતી. વારંવાર એક વીજળી બસ પર પડશે એમ બધાને લાગી રહયું હતું. બસમાં બધા મુસાફરોના શ્વાસ અદ્ધ થઈ ગયા હતા.

થોડી વારમાં બસના ડ્રાઈવરે બસને એક વૃક્ષથી થોડે દૂર ઊભી રાખીને કહયું કે , આપણામાંથી કોઈ એક બદનસીબ છે અને એને લેવા જ આ વીજળી વારંવાર આ બસ પર પડે છે એમ લાગે છે. હું આપ સૌને વિનંતી કરૂ છું કે આપ સૌ વારા ફરતી જઈ આ સામેના વૃક્ષને અડી આવો જેથી કરી જે બદનસીબ હશે તેના પર આ વજળી પડશે અને બાકીના બચી જશે.

બધા મુસાફરોમાં એક જાતનો ગભરાટ ફેલાઈ ગયો પણ હવે તો વાતવરણ પણ પહેલા કરતા વધારે તોફાની બન્યું હતું એટલે સૌને બસના ડ્રાઈવરની વાત વાજબી લાગી અને તે મુજબ કરવા સૌ મુસાફરો સંમત થઈ ગયા.

જેનો પહેલો વારો આવ્યો એ ખૂબ જ ડરથી જઈ વૃક્ષને અડકયો પણ એને કાંઈ ના થયું.હવે બીજાનો વારો આવ્યો .એ પણ ગભરાતા ગભરાતા વૃક્ષને અડકયો . એન પણ કાંઈ ના થયું.આમ એક પછી એક બધા પેલા વૃક્ષને અડકી આવ્યા પણ પેલી વીજળી કોઈના ઉપર ના પડી. હવે છેલ્લે એક જ વ્યકિત બચી હતી. પેલી વીજળી પણ જાણે યમદૂત બની હોય તેમ ચમકારા કરી રહી હતી. છેલ્લે બાકી રહેલા વ્યકિતને લાગ્યું કે , આજે એનું મૃત્યુ નિશ્ચિત છે. એને વૃક્ષને અડકવા જવાની ચોખ્ખી ના કહી દીધી પણ બીજા મુસાફરોએ તેને જબરદસ્તીથી મોકલ્યો. વ્યકિત ભગવાનને યાદ કરી વૃક્ષ તરફ આગળ વધ્યો અને જેવો પેલા વૃક્ષને અડકયો ................................

આ શું ??? પેલી ચમકારા કરતી વીજળી બસ ઉપર પડી અને બધા યાત્રીઓ માર્યા ગયા હતા.

હકીકત તો એ જ હતી કે છેલ્લે બાકી રહેલ વ્યકિત જ સદનસીબ હતી અને એના લીધે જ અત્યાર સુધી બાકીના યાત્રીઓ જીવતા હતા.

મિત્રો જીવીતની એક જ વાત છે કે જીવનમાં ઘણી વખત ઘણા વ્યકિત આપણને અપશુકનિયાળ લાગે પણ કોને ખબર એના કારણે જ આપણે સુખ સમૃદ્ધિ ભોગવતા હોઈએ ??????

## આપણું ગુજરાત આગવું ગુજરાત

### જોવાલાયક સ્થળો

- અડાલજની વાવ : ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામની આ વાવ તેના અતિ સુંદર સ્થાપત્ય માટે જગવિખ્યાત છે.
- સીદી સૈયદની જાળી : અમદાવાદમાં મોગલ સ્થાપત્યના પ્રતીકરૂપે પથ્થરમાં કંડારેલ સુંદર કોતરકામવાળી જાળી.
- અશોકનો શીલાલેખ : દયા,ધર્મ અને શાતીનો ઉપદેશ આપતો સમ્રાટ અશોકનો શીલાલેખ ગિરનારની તળેટીમાં આવેલો છે.
- સાબરમતી આશ્રમ : અમદાવાદમાં આવેલ આ આશ્રમની સ્થાપના ગાંધીજીએ કરી હતી. ગાંધીજીના સિદ્ધાંત પ્રમાણેની પ્રવૃત્તિઓનું કેન્દ્ર.
- દાદા હરીની વાવ : અમદાવાદમાં આવેલી આ વાવ અદ્દભુત સ્થાપત્યનો નમૂનો છે.
- જામા મસ્જિદ : અમદાવાદમાં આવેલી આ મસ્જિદનું નિર્માણ મોગલ બાદશાહ અહમદશાહે કરાવ્યું હતું.
- ઝૂલતા મિનારા : અમદાવાદમાં આવેલ આ સ્થાપત્ય બેનમૂન છે. તેમાં એક મિનારો હલાવતા બીજા મિનારો હલે છે.
- હૃદયકુંજ : સાબરમતી આશ્રમમાં આવેલું પૂ.ગાંધીજીનું નિવાસસ્થાન.
- ચાંદોદ : જાણીતું તીર્થધામ.
- તરણેતર કુંડ : ચોટીલા પાસે , જ્યાં દર વર્ષે જાણીતો મેળો ભરાય છે.
- દામોદર કુંડ : જૂનાગઢમાં, નરસિંહ મહેતા નાહવા જતા તે કુંડ.
- અહમદપુર માંડવી : દીવ પાસે જૂનાગઢ જિલ્લાનું નવું સમુદ્રી પર્યટન સ્થળ.
- કીર્તિમંદિર : પોરબંદરમાં ગાંધીજીના જન્મસ્થળે બંધાયેલ સ્મારક.
- કુંભારિયા દહેરા : અંબાજી પાસે વિમલ શાહે બંધાવેલ જૈન દહેરાં.
- મલાવ તળાવ : ધોળકામાં મીનળદેવીએ બંધાવેલું તળાવ.
- રુદ્રમહાલય : સિદ્ધપુરમાં મૂળરાજ સોલંકીએ બંધાવેલી શિલ્પસ્થાપત્યના નમૂનારૂપી ઈમારત.
- લોથલ : હડપ્પા સંસ્કૃતિને સંપૂર્ણ મળતા અવશેષો, અમદાવાદ જિલ્લાના સરગવાળા ગામની સીમના આ ટેકરામાંથી મળ્યા છે.
- સહસ્ત્રલિંગ તળાવ : પાટણમાં સિદ્ધરાજ જયસિંહે બંધાવેલ ઉત્કૃષ્ટ સ્થાપત્ય ધરાવતું તળાવ.
- રાણકી વાવ : પાટણમાં સહસ્ત્રલિંગ તળાવની પાસે આવેલી ઉત્કૃષ્ટ શિલ્પ ધરાવતી વાવ. જેને થોડા સમય પહેલા વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું છે.
- સૂર્ય મંદિર : ચાણસ્મા તાલુકાના મોઢેરા ગામના આ મંદિરના અવશેષો ઉત્કૃષ્ટ સ્થાપત્ય કળાનું પ્રતીક છે.
- નળસરોવર : ગુજરાતના ભાલકાંઠાના પ્રદેશમાં આવેલા આ સરોવરમાં દેશ વિદેશના પક્ષીઓ શિયાળાની ઋતુમાં જોવા મળે છે.
- કાયાવરોહણ : વડોદરા જિલ્લામાં આવેલું પ્રસિદ્ધ જૈન મંદિર.
- નારેશ્વર : શ્રી રંગઘૂતનો આશ્રમ.
- કબીરવડ : કહેવાય છે કે સંત કબીરે દાતણ ફેક્યું અને તેમાંથી મહાકાય વટ વૃક્ષ થયું.ભરૂચ જિલ્લામાં શુકલતીર્થ પાસે આવેલું છે.
- તેનતલાવ : આ તળાવ ડભોઈ તાલુકામં મીનળદેવીએ બંધાવ્યું હતું.
- હીરા ભાગોળ : હીરા સલાટે ડભોઈમાં બંધાવેલ દરવાજો – સ્થાપત્યનો ઉત્તમ નમૂનો.
- રણછોડરાય મંદિર : ડાકોરમાં આવેલું રણછોડરાયનું મંદિર જગવિખ્યાત છે.
- તુલસીશ્યામ : ઉના પાસે આવેલું તીર્થધામ. અહીં ગરમ પાણીના ઝરા આવેલા છે.
- સોમનાથ મંદિર : ભગવાન શિવનું પ્રાચીન મંદિર છે. મહંમદ ગઝનીએ તેના પર ચડાઈ કરી હતી.
- દ્વારકા : ભગવાન શ્રી કૃષ્ણની નગરી. અત્યંત પ્રાચીન નગરમાં દ્વારકાપુરીની ગણના થાય છે.
- અંજાર : કચ્છનું જાણીતું શહેર છે.
- ટુવા : સેવાલિયા–ગોધરા હાઈવે પર આવેલા ટુવા ગામમાં ગરમ પાણીના કુંડ આવેલા છે.

## મુખ્ય નદીઓ...

અંબિકા,કીમ,દમણગંગા(દ.ગુજરાત),આજી,ભાદર(રાજકોટ),ભોગાવો,ઓઝત(સુરેન્દ્રનગર),વિશ્વામિત્રી,મહી, ઓરસંગ(વડોદરા),ઢાઢર,નર્મદા(ભરૂચ),તાપી(સુરત), પાનમ(પંચમહાલ), પૂર્ણા(નવસારી), બનાસ(બનાસકાંઠા) ,સાબરમતી(અમદાવાદ),મચ્છુ(મોરબી),મેશ્વો,વાત્રક,હાથમતી(સાબરકાંઠા),શેત્રુંજી(ભાવનગર),સરસ્વતી(મહેસાણા), શેઢી(ખેડા)

## તીર્થ ધામ

અંબાજી, ચાંદોદ , કાયાવરોહણ, નારેશ્વર, દ્વારકા ,પાવાગઢ , નારાયણ સરોવર, કોટેશ્વર, શામળાજી, ખેડબ્રહ્મા, વડતાલ, ડાકોર, કબીરવડ, વીરપુર , તુલસીશ્યામ, સતાધાર, સોમનાથ, પાલિતાણા,ગઢડા, ગાંધીનગર , તારંગા, બહુચરાજી, મહુડી,શંખેશ્વર,દેસમાલા, મીરા દાતાર, શેલાપી,ઉદવાડા,સંજાણ , રાજપરા–ખોડલ ધામ,

## વિહાર સ્થળ

ચોરવાડ, સાસણ–ગીર, ઉભરાટ, તીથલ, નળસરોવર, બાલારામ, શુકલતીર્થ, સાપુતારા, મહુવા, ડુમસ, ગળતેશ્વર , અમદાવાદ કાંકરિયા તળાવ અને પ્રાણી સંગ્રહાલય , વડોદરા કમાટી બાગ અને સંગ્રહાલય

## અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન

જૂનાગઢના ઉનામાં આવેલ ગીર – સિંહ માટે , રાજપીપળામાં આવેલ ડેડિયાપાડા – રીંછ માટે , ભાવનગરમાં આવેલ વેળાવદર – કાળિયાર માટે , જામનગરમાં આવેલ ખીજડિયા – પક્ષીઓ માટે , કચ્છમાં આવેલ નારાયણ સરોવર – ચીંકારા માટે, બનાસકાંઠામાં આવેલ બાલારામ – રીંછ માટે , કચ્છનું રણ – જંગલી ગધેડા માટે , અમદાવાદમાં આવેલ નળ સરોવર – વિદેશી પક્ષીઓ માટે , કચ્છ – સુરખાબ પક્ષીઓ માટે ,જામનગર પાસે પિરોટનના ટાપુઓ – દરિયાઈ જીવો માટે,પંચમહાલમાં જાંબુઘોડામાં – રીંછ માટે , બનાસકાંઠાના ધાનેરામાં આવેલ જેસોર – રીંછ,નીલગાય અને શાહુડી પક્ષીઓ માટે , દાહોદન લીમખેડાના રતનમહાલમાં – રીંછ,ચિંકારા, દીપડા માટે ,નવસારીના વાંસદામાં નેશનલ પાર્ક – વાઘ , ચિત્તા,ઝરખ , દીપડા માટે, જામનગરમાં ઓખા પાસે મરીન નેશનલ પાર્ક – એમ્ફીસોસ,જેલીફીશ,સીએનીમેન્સ(સ્ટાર ફીશ) માટે

## :: સરોવરો અને તળાવો ::

| | | |
|---|---|---|
| ગંગા સરોવર – બાલારામ | નળ સરોવર – અમદાવાદ | તેલિયું તળાવ – પાવાગઢ |
| બિંદુ સરોવર – સિદ્ધપુર | દૂધિયું તળાવ – પાવાગઢ | ચંડોડા તળાવ – અમદાવાદ |
| કાંકરિયા તળાવ – અમદાવાદ | નારાયણ સરોવર – કચ્છ | મલાવ તળાવ – ધોળકા |
| રણજીત સાગર – જામનગર | સુરસાગર તળાવ – વડોદરા | હમીરસર તળાવ – ભુજ |
| મુનસર તળાવ – વીરમગામ | ગોપી તળાવ – બેટ દ્વારકા | સહસ્ત્રલીંગ તળાવ – પાટણ |
| રણમલ તળાવ – જામનગર | આજવા સરોવર – વડોદરા | તેન તળાવ – ડભોઈ |

# સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

- ધોરણ : – ૬
- વિષય :– સામાજિક વિજ્ઞાન
- કુલ એકમો : – ૯

## એકમ : ૧ ઈતિહાસ જાણવાના સ્ત્રોત

- જયારે વીસમી સદી પૂર્ણ થઈ હતી ત્યારે ડિસેમ્બર ૨૦૦૦ માં બનેલા બનાવોની ચિત્રાત્મક વિગતો તમામ વર્તમાનપત્રોમાં આપવામાં આવી હતી, જેને 'મિલેનિયમ ગેલેરી' એવું નામ આપવામાં આવ્યું હતું.
- તાડપત્રો અને ભોજ પત્રો પર લખાયેલ લખાણ 'પાન્ડુ' લિપિમાં વધારે જોવા મળે છે.
- ભોજ પત્રો એટલે હિમાલયમાં થતાં ભૂર્જ નામના વૃક્ષોની છાલ નો ઉપયોગ કરીને બનાવવામાં આવતા પત્રો.
- જ્યાં 'અભિલેખો' સાચવવા આવે છે તેને ' અભિલેખાગાર(આર્કાટાઈવ્ઝ)' કહેવામાં આવે છે. જેમ કે, દિલ્લીમાં આવેલ રાષ્ટ્રીય અભિલેખાગાર.
- કાર્બન ડેટિંગ પદ્ધતિથી પુરાતાત્વિક અવશેષોનો ચોકકસ સમય જાણી શકાય છે.
- તાડપત્રો કે ભોજ પત્રો પર લખાયેલ હસ્તપ્રતો :
  - પાટણ : શ્રી હેમચંદ્રાચાર્ય લાયબ્રેરી
  - અમદાવાદ : એઈ.ડી.ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, નવરંગપુરા ; ગુજરાત વિદ્યાપીઠનું આદિવાસી સંગ્રહાલય ;ભો.જે.અધ્યયન અને સંશોધન ગૃહ, આશ્રમ રોડ.
  - ગાંધીનગર : કોબામાં શ્રી મહાવીર જૈન આરાભ્મના કેન્દ્રમાં.
- પ્રાચીન સમયના ઈતિહાસના જાણકારને પુરાતત્વવિદ્ કહે છે.

## એકમ : ૨ ચાલો, નકશો સમજીએ

- પૃથ્વીના કોઈ પણ ભાગના સપાટ કાગળ પરના આલેખનને 'નકશો' કહે છે.
- નકશાનાં મુખ્ય ત્રણ અંગો છે : (૧) દિશાસૂચન (૨) પ્રમાણમાપ(સ્કેલ) (૩) રૂઢ સંજ્ઞાઓ
- 'MAP' શબ્દ મૂળ લેટિન શબ્દ 'Mappa' અથવા 'Mappa-Mundi' એટલે કે 'હાથ રૂમાલ કદનો કાપડનો ટુકડો' ઉપરથી ઉતરી આવ્યો છે.
- NATMO - નેશનલ થિમૈટિક મેપ ઓર્ગેનાઈઝેશન સંસ્થા કોલકાતામાં આવેલી છે. તે વિતરણ દર્શાવતા નકશાઓનું નિર્માણ કરે છે.
- સામાન્ય રીતે કોઈ પણ નકશાની જમણી બાજુ ઉ↑ નિશાન હોય છે.
- :: દિશાસૂચન ::




- નકશામાં કથ્થઈ રંગ ઊંચાઈ દર્શાવવા માટે, લીલો રંગ જંગલ અને વનસ્પતિ માટે , પીળો રંગ મેદાન દર્શાવવા માટે વપરાય છે.

## એકમ : ૩ નાગરિકતા

- "સામાન્ય રીતે નાગરિક એને કહેવાય કે, જે દેશમાં વસતો હોય, જે દેશ તરફથી મળતા તમામ રાજકીય અને સામાજિક હકો ભોગવતો હોય અને દેશ પ્રત્યેની પોતાની ફરજો બજાવતો હોય."
- ભારતની નાગરિકતા મેળવવાની બે રીત છે : (૧) જન્મથી (૨) કાયદાની મદદથી.

## એકમ : ૪ માનવજીવનની શરૂઆત

- પ્રારંભિક માનવજીવનને નીચે મુજબ વિભાજીત કરી શકાય :

(૧) આદિ પાષાણયુગ (અન્ન સંગ્રાહક તબકકો)

(૨) મધ્ય પાષાણ યુગ

(૩)નૂતન પાષાણ યુગ(અન્ન ઉપજાવનાર તરીકેનો તબકકો)

- ચક્રની શોધ એ માનવજીવનની સૌથી ક્રાંતિકારી શોધ છે.
- મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના દક્ષિણ ભાગની ગુફાઓમાં જંગલી જાનવરોનાં સુંદર ચિત્રો મળી આવ્યાં છે.
- નર્મદા ખીણ પ્રદેશમાં આવેલી ભીમબેટકાની ગુફાઓમાંથી અહીં આદીમાનવોનો વસવાટ હોવાના પુરાવા મળ્યા છે.
- આવી કુદરતી ગુફાઓ વિધ્યાચલ પર્વત અને દક્ષિણના પર્વતીય પ્રદેશમાં પણ મળી આવી છે.
- સાબરમતી પ્રદેશનું લાંઘણજ અને અખાજ તેમજ મહી નદીના પ્રદેશના અમરાપુરામાંથી લઘુ પાષાણયુગના પ્રાણીઓના હાડકાંના ઢગલા અને દટાયેલા મૃતદેહો મળી આવ્યા છે.
- માનવ સંસ્કૃતિ આદ્ય–પુરાતન 'હડપ્પીય સંસ્કૃતિ' તરીકે ઓળખાય છે.
- ભારતીય ઉપસાગરમાં આશરે ૨૦ લાખ વર્ષથી માનવ વસ્તીના અવશેષો જોવા મળે છે.
- આદિમાનવના પ્રારંભિક જીવનની મોટા ભાગની માહિતી ઓજારો પરથી મળે છે.

## એકમ : ૫ આપણું ઘર પૃથ્વી

- પૃથ્વીના ગોળા પર દોરેલી આડી કાલ્પનિક વર્તુળાકાર રેખાઓને અક્ષાંશવૃત્તો અને ઊભી રેખાઓને અર્ધવર્તુળ રેખાંશવૃત્તો કહે છે.
- કટિબંધો : (૧) ઉષ્ણ કટિબંધ (૨) સમશીતોષ્ણ કટિબંધ (૩) શીત કટિબંધ.
- પૃથ્વી પર સાત ખંડો અને ચાર મહાસાગરો આવેલા છે:

### :: સાત ખંડો ::

(૧) એશિયા

(૨) યુરોપ

(૩) આફ્રિકા

(૪) ઑસ્ટ્રેલિયા

(૫) ઉત્તર અમેરિકા (૬) દ.અમેરિકા

(૭) એન્ટાર્કટિકા

### :: ચાર મહાસાગરો ::

(૧) પેસેફિક મહાસાગર

(૨) એટલેન્ટિક મહાસાગર

(૩) હિન્દ મહાસાગર

(૪) આર્કટિક મહાસાગર

- વિશ્વમાં માત્ર એન્ટાર્કટિકા એક માત્ર એવો ભૂમિખંડ છે જે હિમાચ્છાદિત રહે છે.આ ભૂમિખંડ માનવ વસવાટ ધરાવતો નથી.કોઈ પણ દેરશની માલિકી ન ધરાવતો આ ભૂમિખંડ છે.
- વિષુવવૃત્ત પૃથ્વીની બરાબર મધ્યમાંથી પસાર થાય છે.
- સૌથી વધુ પ્રકાશ અને ગરમી મેળવતા પૃથ્વીના ભાગને ઉષ્ણ કટિબંધ કહે છે.
- ગ્રીનલેન્ડ શીત કટિબંધનો દેશ છે.

## એકમ : ૬ સ્થાયી જીવનની શરૂઆત

- કયા–કયા સ્થળોએથી અનાવ અને પાલતુ પ્રાણીઓના અવશેષો મળી આવ્યા છે તે અંગેનું કોષ્ટક :

| અવશેષો | પુરાતન સ્થળ |
|---|---|
| ઘઉ,જવ,બકરી,ઘેટાં,ગાય | મેહરગઢ(હાલનું પાકિસ્તાન) |
| ચોખા,ગાય | મહાગઢ(ઉત્તર પ્રદેશ) |
| ઘઉ,કૂતરાં,ગાય,ભેંસ,ઘેટાં,બકરાં | બુર્જહોમ(કશ્મીર) |
| ઘઉ,ચણા,જવ,ભેંસ,બળદ | ચિરાદ(બિહાર) |
| જાર,બાજરો,ગાય,ઘેટાં,બકરાં | હુલ્લર(આંધ્ર પ્રદેશ) |

- મહેરગઢ એક એવું સ્થળ છે જ્યાં સંભવતઃ સૌથી પહેલા ઘઉ,જવ ઊગાડવાનું અને ઘેટાં–બકરાં પાડવાનું શરૂ થયું હશે.
- મહેર ગઢમાં આવેલી કબરોમાંથી એકના મૃતકની સાથે બકરી પણ દફનાવાઈ હતી.

## એકમ : ૭ ગુજરાત સ્થાન,સીમા અને ભૂપૃષ્ઠ

- ગુજરાત રાજ્ય ભારતના પશ્ચિમ ભાગમાં અરબ સાગર કિનારે ૨૦°.૦૬' ઉત્તર અક્ષાંશવૃત્તથી ૨૪°.૪૨' ઉત્તર અક્ષાંશવૃત્ત સુધી અને ૬૮°.૧૦' પૂર્વ રેખાંશવૃત્તથી ૭૪°.૨૮' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે વિસ્તરેલું છે.
- ગુજરાતમાં સાગર સીમાની લંબાઈ આશરે ૧૬૦૦ કિમી જેટલી છે. જે ભારતમાં સૌથી લાંબી દરિયાઈ સીમા છે.
- અરબ સાગરમાં ખંભાતનો અખાત અને કચ્છનો અખાત આવેલો છે.
- ગુજરાતનું સ્થાન ભારતમાં વિસ્તારની દૃષ્ટિએ સાતમું છે.
- ગુજરાતની ઉત્તર–દક્ષિણ લંબાઈ આશરે ૫૯૦ કિમી અને પૂર્વ–પશ્ચિમ લંબાઈ આશરે ૫૦૦ કિમી જેટલી છે.
- ગુજરાત રાજ્યનો કુલ ભૌગોલિક વિસ્તાર આશરે ૧,૯૬,૦૨૪ ચોરસ કિમી જેટલો છે. જે ભારતના કુલ વિસ્તારના આશરે ૬% જેટલો છે.
- ગુજરાતમાં સાબરકાંઠા, ગાંધીનગર,મહેસાણા,પાટણ અને કચ્છ જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થાય છે.
- કચ્છના ડુંગરાળ પ્રદેશમાં ધીણોધર ,કાળો,ભૂજિયો,લીલિયો,કંથકોટ વગેરે ડુંગરો આવેલા છે.આ બધામાં ધીણોધર સૌથી ઊંચો ડુંગર છે.
- સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશમાં ચોટીલાનો ડુંગર, બરડાનો ડુંગર , શેત્રુંજો અને ખોખરાનો ડુંગર આવેલા છે.
- તળ ગુજરાતના ડુંગરાળ પ્રદેશમાં ગબ્બરનો ડુંગર , તારંગાનો ડુંગર , ઈડરનો ડુંગર , પારનેરાનો ડુંગર , પાવાગઢ અને સાપુતારાનો ડુંગર આવેલા છે.

## એકમ : ૮ વિવિધતામાં એકતા

- ગુજરાતનું નૃત્ય – ગરબો , તહેવાર – નવરાત્રિ
- મહારાષ્ટ્રનું નૃત્ય – કોળી(લાવણી) નૃત્ય , તહેવાર – ગણેશ ચતુર્થી
- રાજસ્થનનું નૃત્ય – ઘુમર , તહેવાર – હોળી
- પંજાબનું નૃત્ય – ભાંગડા , તહેવાર – બૈશાખી
- પશ્ચિમ બંગાળનું નૃત્ય – ગરબો , તહેવાર – દુર્ગાપુજા

## એકમ : ૯ પ્રાચીન નગરો

- સિંધ અને પંજાબમાં ઈ.સ. ૧૯૨૦ – ૨૧ ના સમયે ખોદકામ કરતી વખતે બે નગરો મળી આવ્યાં હતાં.
- ***ભારતમાંથી મળી આવેલ મુખ્ય નગરો :***
- સિંધમાં લારખાનાનું હડપ્પા નગર
- પંજાબ પ્રાંતનું મોહેં–જો–દડો નગર
- રાજસ્થાનનું કાલિબંગન નગર
- કચ્છ જિલ્લાનું ધોળાવીરા નગર
- આ નગરો સિંધુ નદીની ખીણમાં વિસ્તરેલા હોવાથી 'સિંધુ ખીણની સંસ્કૃતિ' અથવા 'હડપ્પન સંસ્કૃતિ' તરીકે ઓળખાય છે.
- ગુજરાતમાં 'સિંધુ ખીણની સંસ્કૃતિ' અવશેષો રંગપુર , રોઝડી , લોથલ , ધોળાવીરા જેવા સ્થળોએથી મળી આવ્યા છે.
- લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલું છે.
- લોથલની ગણના 'સિંધુ ખીણની સંસ્કૃતિ' ના મહત્વના બંદર તરીકે થાય છે.
- સૌરાષ્ટ્રમાં લીમડી પાસેનું રંગપુર , ગોંડલ પાસે આવેલું રોઝડી , કચ્છમાં આવેલું દેશલપર તથા ધોળાવીરા જેવા નગરોના અવશેષો મળી આવ્યા છે.
- 'સિંધુ ખીણની સંસ્કૃતિ' ના બે મોટા નગરો મોહેં–જો–દડો અને હડપ્પા હતાં.
- સિંધુ ખીણની સંસ્કૃતિની ભૂગર્ભ ગટર ***મોરી*** ના નામથી ઓળખાતી હતી.
- મોહેં–જો–દડો અને હડપ્પા નગરોના મુખ્ય રસ્તાઓ ૩૩ ફૂટ જેટલા પહોળા હતા.
- હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાં મળેલા સૌથી લાંબા અભિલેખમાં લગભગ ૨૬ જેટલા ચિહ્નો છે.

# જાણો મારું પૂરું નામ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ADEPTS | :> | એડવાન્સમેન્ટ ઓફ એજ્યુકેશનલ પર્ફોમન્સ થ્રુ ટીચર્સ સપોર્ટ | ABL | :> | એક્ટિવિટ બેઝ લર્નિંગ |
| AO | :> | એકાઉન્ટસ ઓફિસર | MTA | :> | મધર ટીચર એસોસિયેશન |
| AS | :> | અલ્ટરનેટીવ સ્કૂલિંગ | KGBV | :> | કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય |
| AWP&B | :> | એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ | MIS | :> | મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ |
| BaLA | :> | બિલ્ડીંગ એઝ લર્નિંગ એડ | NER | :> | નેટ એનરોલમેન્ટ રેશિયો |
| BRC | :> | બ્લોક રિસોર્સ સેન્ટર | NPEGEL | :> | નેશનલ પ્રોગ્રામ ઓફ એજ્યુકેશન ફોર ગર્લ એટ એલીમેન્ટ્રી લેવલ |
| BRC Co | :> | બ્લોક રિસોર્સ સેન્ટર કો.ઓર્ડિનેટર | HM | :> | હેડ માસ્તર |
| BRG | :> | બ્લોક રિસોર્સ ગ્રુપ | IED | :> | ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશન ફોર ડિસેબલ |
| BRP | :> | બ્લોક રિસોર્સ પર્સન | OIC | :> | ઓફિસ ઈન્ચાર્જ |
| CRC | :> | કલસ્ટર  રિસોર્સ સેન્ટર | PTA | :> | પેરેન્ટસ ટીચર્સ એસોસિયેશન |
| CRCCo | :> | કલસ્ટર રિસોર્સ સેન્ટર કો.ઓર્ડિનેટર | PTR | :> | પ્યુપિલ ટીચર રેશ્યો |
| CRG | :> | કલસ્ટર રિસોર્સ ગ્રુપ | RTE | :> | રાઈટ ટૂ એજ્યુકેશન |
| CWSN | :> | ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નીડસ | RTI | :> | રાઈટ ટૂ ઈન્ફરમેશન |
| DDO | :> | ડીસ્ટ્રીકટ ડેવોપમેન્ટ ઓફિસર | SCR | :> | સ્ટુડન્ટ કલાસરૂમ રેશિયો |
| DIET | :> | ડીસ્ટ્રીકટ ઈન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ | SIP | :> | સ્કૂલ ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ |
| DPC | :> | ડીસ્ટ્રીકટ પ્રોજેકટ કો.ઓર્ડિનેટર | STP | :> | સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ |
| DPE | :> | ડીસ્ટ્રીકટ પ્રોજેકટ એન્જીનીયર | SPD | :> | સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર |
| DEO | :> | ડીસ્ટ્રીકટ એજ્યુકેશન ઓફિસર | SPO | :> | સ્ટેટ પ્રોજેકટ ઓફિસ |
| DPEO | :> | ડીસ્ટ્રીકટ પ્રાયમરી એજ્યુકેશન ઓફિસર | SSA | :> | સર્વ શિક્ષા અભિયાન |
| DPEP | :> | ડીસ્ટ્રીકટ પ્રાયમરી એજ્યુકેશન પ્રોગ્રામ | TLE | :> | ટીચિંગ લર્નિંગ ઈકિવપમેન્ટ |
| EC | :> | એકજીકયુટીવ કમીટી | TLM | :> | ટીચિંગ લર્નિંગ મટેરિયલ |
| ECCE | :> | અર્લી ચાઈલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન | TRP | :> | ટેકનિકલ રિસોર્સ પર્સન |
| GCERT | :> | ગુજરાત કાઉન્સીલ ઓફ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ | TT | :> | ટીચર્સ ટ્રેનિંગ |
| GER | :> | ગ્રોસ એનરોલમેન્ટ રેશ્યો | UP | :> | અપર પ્રાયમરી |
| GAIC | :> | ગ્રાન્ટ ઈન એઈડ કમીટી | VER | :> | વિલેજ એજ્યુકેશન રજીસ્ટર |
| GOG | :> | ગવર્મેન્ટ ઓફ ગુજરાત | WER | :> | વિલેજ એજ્યુકેશન રજીસ્ટર |
| GOI | :> | ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા | SMC | :> | સ્કૂલ મેનેજમેન્ટ કમીટી |

# ગુજરાતી કહેવતો અંગ્રેજીમાં

- અધૂરો ઘડો છલકાય ઘણો – Empty vessels make most sound.
- આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય – It is too late to dig a well , when the house is on fire.
- આપ ભલા તો જગ ભલા – All are good if we are good.
- આંધળામાં કાણો રાજા – A heron is a king among crows.
- ઈદ પછી રોજા – After Christmas comes Lent.
- ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન – A figure among ciphers.
- ઉધાર આપને નમતું જોખ – Beggers and borrowers should be no choosers.
- ઊઠ પહાણા પગ પર પડ – To creat a calamity for oneself.
- ઉતાવડે આંબા ન પાકે – Haste is waste.
- ઊજળું એટલું દૂધ નહિ – All that glitters is not gold.
- ઊલમાંથી ચૂલમાં પડવું – To get out of the frying pan into the fire.
- એક મરણિયો સો ને ભારે – It is difficult to win over a person who has no fear of death.
- કડવું ઓસડ મા જ પાય – Only a wellwisher gives an unsavoury advise.
- કરણી તેવી પાર ઉતરણી – As you sow , so you reap.
- કાગનું બેસવું ને ડાળનું પડવું – An accidental outcome ; a mere concidence.
- કાંકરે કાંકરે પાળ બંધાય – Great objectives are achieved by piecemeal work.
- કીડી સંચરે ને તેતર ખાય – One sows and another reaps.
- કૂતરાનું મો બિલાડીએ ચાટયું – Tit for tat.
- કૂવામાં હોય તો હવાડામાં આવે – One can exhibit only that which one has.
- કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી ? – It is no use comparing a pauper with a prince.
- ખાડો ખોદે તે પડે – One who tries to harm others , harms himself.
- ગરજ સરી એટલે વૈદ વેરી – When a cow is old , she is soon sold.
- ગામને મોઢે ગળણું ન દેવાય – When all the criticize , it is not possible to stop our or persuade them all.
- ઘર ફૂટયે ઘર જાય – Where there is internal discord , the enemy finds a footing easily.
- ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો – To help others all the cost of one's own family.
- ઘર કી મુર્ગી દાલ બરાબર – Anything belonging to one's own home is usually not appreciated.
- ઘેર ઘેર માટીના ચૂલા – Crows are black everywhere.
- ચમડી તૂટે પણ દમડી ન છૂટે – A miser spends money like drops of blood.
- ચોર કોટવાડને દંડે – Puts the blame on someone else who points out the misdeed.
- ચોરનો ભાઈ ઘંટી ચોર – Both are equal.
- છાણના દેવને કપાસિયાની આંખ – To accord reception to a person according tpo his aptitude.

- છીંડે ચડયો તે ચોર – only one who is caught in the act of stealing can be iabelled a thief.
- જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ – The world appears as one is predisposed to look at it.
- ઝાઝા હાથ રળિયામણા – A work is done quickly and more efficiently by the co-operation of many.
- ઝાઝી કીડીઓ સાપને તાણે – Union is strength.
- દામ કરે કામ – money makes the mare go.
- દુઃખનું ઓસડ દહાડા – Time is the greatest healer.
- દુકાળમાં અધિક માસ – Misfortunes do not come singly.
- દૂધનો દાઝયો છાસ ફુંકીને પીએ – One becomes overcautious after an unhappy experience.
- દોરડી બળે પણ વળ ન છોડે – A man's nature does not change in any circumstances.
- ધોબીનો કૂતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો – One who tries to please each of the two opposite parties , loses the goodwill of both.
- ધીરજનાં ફળ મીઠાં છે – Patience always pays.
- નમે તે સૌને ગમે – Humility makes a man lovable to all.
- નવરો નખોદ વાળે – Idle mind is devil's workshop.
- નહિ મામા કરતા કહેણો મામો સારો – Something is better than nothing.
- નાચવું નહિ ત્યારે આંગણું વાંકું – One who does not want to do a thing , passes pretexts.
- નાદાનની દોસ્તી ને જાનનું જોખમ – Friendship with a fool is always dangerous.
- પાડાને વાંકે પખાલીને ડામ – One commits a crime and another gets the punishment.
- પારકી આશ સદા નિરાશ – Dependence on others brings despair.
- બોલે તેનાં બોર વેચાય – One has to speak out to get a thing done.
- મન હોય તો માળવે જવાય – Where there is a will , there is a way.
- મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે – A self-evident truth need not to be advertised.
- રાત થોડી ને વેશ ઝાઝા – A lot of work to be done in a very short period of time.
- લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવાય ? – An opportunity should not be missed : 2) Strike iron when it is hot.
- વહુની રીસ ને સાસુનો સંતોષ – Huff of one and advantage for another.
- વાવે તેવું લણે – As you sow , so you reap.
- સબસે બડી ચૂપ – Silence pays.(Silence is golden)
- સંપ ત્યાં જંપ – Union is strength.

# ભારતના બંધારણનુ પરિશિષ્ટ અને અગત્યના અનુચ્છેદો

સંકલન : ઉરવેશકુમાર જે.પટેલ

ભારતીય બંધારણ વિશે કેટલીક અગત્યની બાબતો :
ભારતીય બંધારણમાં કુલ ૧૨ પરિશિષ્ટો છે.

- ♣ પ્રથમ પરિશિષ્ટ : ભારતના તમામ રાજ્યોના નામ તથા કેન્દ્રશાસિત પ્રદેશોના વિસ્તારનું વર્ણન તથા તેની યાદી.
- ♣ બીજું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાષ્ટ્રપતિ,ગવર્નર,લોકસભાના સ્પીકર તથા ડેપ્યુટી સ્પીકર,રાજ્યસભાના ચેરમેન,સુપ્રીમ કોર્ટ તથા હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશો,વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના ,વિધાનપરિષદના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનના પગાર અને વિવિધ મળવાપાત્ર ભથ્થાંની વિગતો આપવામાં આવી છે.
- ♣ ત્રીજું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ,ન્યાયાધીશો,મંત્રીઓ વગેરે માટે શપથગ્રહણના નમૂનાઓ આપવામાં આવેલા છે.
- ♣ ચોથું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાજ્યસભાની બેઠકોની રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પ્રમાણે ફાળવણીની વિગતો આપવામાં આવેલી છે.
- ♣ પાંચમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં અનુસૂચિત જાતિઓનાં વહીવટ અને નિયંત્રણની લગતી માહિતી આપવામાં આવી છે.
- ♣ છઠ્ઠુ પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં મેઘાલય,આસામ,મિઝોરમ અને ત્રિપુરા રાજ્યોના જનજાતિ ક્ષેત્રનાં વહીવટની બાબતો આપવામાં આવી છે.
- ♣ સાતમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં સંઘ યાદીના ૯૭ વિષયો,રાજ્યની યાદીના ૬૧ વિષયો અને સંયુકત યાદીના ૫૨ વિષયોની યાદી આપવામાં આવી છે.
- ♣ આઠમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં બંધારણમાન્ય ૨૨ ભાષાઓની યાદી આપવામાં આવી છે.
- ♣ નવમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં રાજ્ય સરકાર દ્વારા પસાર કરેલ જમીન વેચાણનો કાયદો તથા જમીનદારી નાબૂદી અંગેનો કાયદો અને બંધારણના ૬૬ મા સુધારાથી ઉમેરાયેલા જમીનસુધારાઓ કે જેની અદાલત સમીક્ષા ન કરી શકે તે આપવામાં આવેલા છે.
- ♣ દસમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટમાં૧૯૮૫માં બંધારણના ૫૨ મા સુધારા દ્વારા ઉમેરાયેલા આ અનુસૂચિમાં પક્ષપલટા વિરોધી નિયમો દર્શાવેલા છે.
- ♣ અગિયારમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટ બંધારણના ૭૩ મા સુધારાથી ઉમેરવામાં આવ્યું છે. પંચાયતને લગતી સત્તા અને અધિકારની ૨૯ વિષયોની યાદી આપવામાં આવી છે.
- ♣ બારમું પરિશિષ્ટ : આ પરિશિષ્ટ બંધારણના ૭૪ મા સુધારા થી ઉમેરવામાં આવ્યું છે. નગરપાલિકાઓની સત્તા અને અધિકારનના ૧૮ વિષયોની યાદી આપવામાં આવેલી છે.

➢ અગત્યના અનુચ્છેદો :

❖ ભાગ – ૫

- ૫૨ – ભારતના રાષ્ટ્રપતિ
- ૫૩ – સંઘની કારોબારીની સત્તાઓ
- ૫૪ – રાષ્ટ્રપતિની ચૂંટણી
- ૫૬ – રાષ્ટ્રપતિના હોદ્દાનો કાર્યકાળ
- ૫૮ – રાષ્ટ્રપતિના હોદ્દા માટેની લાયકાતો
- ૬૦ – રાષ્ટ્રપતિની શપથ
- ૬૧ – મહાભિયોગ
- ૬૩ – ઉપરાષ્ટ્રપતિ
- ૬૪ – ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ
- ૬૬ – ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી
- ૬૭ – ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ
- ૬૯ – ઉપરાષ્ટ્રપતિના શપથ
- ૭૨ – રાષ્ટ્રપતિની ન્યાયિક સત્તાઓ
- ૭૪ – રાષ્ટ્રપતિને સલાહ આપવા કેન્દ્રીય મંત્રીમંડળ
- ૭૬ – એટર્ની જનરલ
- ૧૨૪ – સુપ્રીમ કોર્ટ
- ૧૨૫ – સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોનો પગાર વિગેરે
- ૧૨૯ – સુપ્રીમ કોર્ટ નઝીરી અદાલત તરીકે
- ૧૩૦ – સુપ્રીમ કોર્ટની બેઠક

- ૧૩૬ – Special leave to appeal by the Supreme Court
- ૧૩૭ – સુપ્રીમ કોર્ટ દ્વારા તેના ચુકાદાઓનો રીવ્યુ
- ૧૪૩ – રાષ્ટ્રપતિની સુપ્રીમ કોર્ટ સાથે મંત્રણા કરવાની સત્તા.

❖ ભાગ – ૬

- ૧૫૨ – રાજ્યની વ્યાખ્યા
- ૧૫૩ – રાજ્યોના રાજ્યપાલ
- ૧૫૪ – રાજ્યની કરોબારી સત્તાઓ
- ૧૫૫ – રાજ્યપાલની નિમણૂંક
- ૧૫૬ – રાજ્યપાલનો કાર્યકાળ
- ૧૫૭ – રાજ્યપાલના હોદ્દા માટેની લાયકાતો
- ૧૫૯ – રાજ્યપાલની શપથ
- ૧૬૧ – રાજ્યપાલની ન્યાયિક સત્તાઓ
- ૧૬૩ – રાજ્યપાલને સલાહ આપવા રાજ્યનું મંત્રીમંડળ
- ૧૬૫ – એડવોકેટ જનરલ
- ૨૧૪ – રાજ્યોની વડી અદાલતો
- ૨૧૫ – વડી અદાલતો નઝીરી અદાલતો તરીકે
- ૨૧૯ – વડી અદાલતોના ન્યાયાધીશોની નિમણૂંક
- ૨૨૨ – વડી અદાલતોના ન્યાયાધીશોની ટ્રાન્સફર
- ૨૨૬ – વડી અદાલતોની રિટ ફરમાવવાની સત્તા
- ૨૩૧ – બે કે તેથી વધુ રાજ્યો માટે એક વડી અદાલત
- ૨૩૫ – તાબા હેઠળની નીચલી અદાલતો પર વડી અદાલતનું નિયંત્રણ

❖ ભાગ – ૮

- ૨૩૯AA – દિલ્લી માટે વિશેષ જોગવાઈઓ
- ૨૪૧ – કેન્દ્રશાસિત પ્રદેશો માટે વડી અદાલતો

❖ ભાગ – ૧૨

- ૨૪૮ – અવશિષ્ટ સત્તાઓ
- ૨૪૯ – રાષ્ટ્રીય હિતમાં સંસદની રાજ્યયાદીમાંના વિષય ઉપર કાયદા બનાવવાની સત્તા
- ૨૫૦ – રાષ્ટ્રીય કટોકટી વખત સંસદની રાજ્યયાદીમાંના વિષયો ઉપર કાયદા બનાવવાની સત્તા
- ૨૫૨ – બે કે તેથી વધુ રાજ્યોની દરખાસ્ત સંસદની રાજ્યો માટે રાજ્યયાદીમાંના વિષયો ઉપર કાયદા બનાવવાની સત્તા
- ૨૫૩ – આંતરરાષ્ટ્રીય કરારોને લાગુ કરવા માટે સંસદની કાયદા બનાવવાની સત્તા.
- ૨૬૦ – ભારત બહારના વિસ્તાર ઉપર કેન્દ્રનું સત્તાક્ષેત્ર.
- ૨૬૨ – આંતરરાજ્ય જળ વિવાદોનો ઉકેલ.
- ૨૬૩ – આંતરરાજ્ય પરિષદ.
- ૨૬૬ – સંચિત સંધિ
- ૨૬૭ – આકસ્મિક નિધિ
- ૨૬૮A – સેવા કર
- ૨૮૦ – નાણા પંચ
- ૩૦૦A – સંપત્તિ/મિલકતનો અધિકાર

❖ ભાગ – ૧૪

- ૩૧૨ – અખિલ ભારતીય સેવાઓ
- ૩૧૫ – સંઘ અને રાજ્યો માટે જાહેર સેવા આયોગો

❖ ભાગ – ૧૫

- ૩૨૪ – ચૂંટણી પંચ
- ૩૨૫ – મતદારયાદી
- ૩૨૬ – સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર

❖ ભાગ – ૧૮

- ૩૫૨ – રાષ્ટ્રીય કટોકટી
- ૩૫૩ – રાષ્ટ્રીય કટોકટીની અસરો
- ૩૫૬ – રાષ્ટ્રપતિ શાસન
- ૩૫૮ – અનુચ્છેદ – ૧૯ ની જોગવાઈઓની કટોકટી દરમિયાન મુલત્વી
- ૩૫૯ – કટોકટી દરમિયાન મૂળભૂત અધિકારો મુલત્વી
- ૩૬૦ – નાણાંકીય કટોકટી
- ૩૬૫ – સંઘની સૂચનાઓ પ્રમાણે ચાલવાની રાજ્યોની નિષ્ફળતા(રાષ્ટ્રપતિ શાસન)
- ૩૬૮ – સંસદની બંધારણમાં સુધારા કરવાની સત્તા અને તે માટેની પ્રક્રિયા
- ૩૭૦ – જમ્મુ – કાશ્મીર માટેની વિશેષ જોગવાઈ
- ૩૭૧ – મહારાષ્ટ્ર અને ગુજરાત માટેની વિશેષ જોગવાઈઓ
- ૩૭૧D – આંધ્ર પ્રદેશ માટેની વિશેષ જોગવાઈઓ.

# સપ્ટેમ્બર ૨૦૧૪ રાઉન્ડ અપ

| | | |
|---|---|---|
| ૧ સપ્ટેમ્બર | > | ૮૨૧ વર્ષ બાદ પ્રાચીન નાલંદા વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસની શરૂઆત કરાઈ. નાલંદાથી ૧૨ કિમી દૂર આવેલા રાજગીરમાં નવી યુનિવર્સિટીનું હાલ બાંધકામ થઈ રહયું છે. |
| ૨ સપ્ટેમ્બર | > | નૃત્ય નિષ્ણાત , પદ્મશ્રી ડૉ.સુનિલ કોઠારીને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરાયો. |
| ૪ સપ્ટેમ્બર | > | સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ પી.સદાશિવમની કેરળ રાજ્યના રાજ્યપાલ પદે નિયુકિત કરવામાં આવી. |
| | > | આંધ્ર પ્રદેશની નવી રાજધાની વિજયવાડા બનાવવાની મુખ્ય મંત્રી ચંદ્રબાબુ નાયડુએ જાહેરાત કરી. |
| ૫ સપ્ટેમ્બર | > | પત્રકારિતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ આઉટલૂક સમૂહના સંપાદકીય અધ્યક્ષ વિનોદ મહેતાની 'જીકે મેમોરિયલ પુરસ્કાર' ૨૦૧૪ માટે પસંદગી કરાઈ. |
| | > | ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે યુરેનિયમ કરાર કરવામાં આવ્યો. ભારત ઓસ્ટ્રલિયા પાસેથી વીજ ઉત્પાદન માટે યુરેનિયમ ખરીદશે. |
| | > | ભારતના ક્રિકેટર સચિન તેંડુલકર ની આત્મ કથા 'પ્લેઈંગ ઈટ માય વે' નું વિવેચન છઠ્ઠી નવેમ્બરે મુંબઈમાં કરવામાં આવશે. |
| ૬ સપ્ટેમ્બર | > | સાનિયા મિર્ઝાએ યુ.એસ. ઓપનમાં વિમેન્સ ડબલ્સમાં ખિતાબ જીત્યો. |
| ૮ સપ્ટેમ્બર | > | યુ.એસ.ઓપનમાં સિલિચની જીત. |
| | > | યુ.એસ.ઓપનમાં સેરેના વિલિયમ્સની હેટ્રિક , કારકિર્દીનો ૧૮ મો ગ્રાન્ડ સ્લેમ જીત્યો. સેરેનાએ ફાઈનલમાં ડેન્માર્કની વોઝનિયાકીને હરાવી આ ખિતાબ જીત્યો હતો. |
| | > | અમેરિકાના બ્રાયનબંધુ માઈક અને બોબે યુ.એસ. ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની મેન્સ ડબલ્સમાં ચેમ્પિયન બનવાની સાથે કારકિર્દીમાં ૧૦૦ મી ટ્રોફી જીતી હતી. |
| | > | ૮ સપ્ટેમ્બર આંતર રાષ્ટ્રીય સાક્ષરતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. |
| ૧૦ સપ્ટેમ્બર | > | ભારતનું સૌથી મોટું ઓફશોર પેટ્રોલ વેસલ INS સુમિત્રા ભારતીય નૌ સેનામાં સામેલ કરવામાં આવ્યું. |
| ૧૨ સપ્ટેમ્બર | > | ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના આદિવાસી વિસ્તાર સમો ખેડબ્રહ્મા તાલુકો રાજ્યનો પ્રથમ વાઈફાઈ તાલુકો બન્યો. |
| ૧૪ સપ્ટેમ્બર | > | રાષ્ટ્રીય હિન્દી દિવસ. |
| ૧૫ સપ્ટેમ્બર | > | નેશનલ આયુષ મિશન (NAM) ને કેબિનેટની મંજૂરી મળી. આ મિશનથી સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષા દ્વારા કમજોર અને દુરના ક્ષેત્રોમાં સ્વાસ્થ્ય સેવાઓ વચ્ચેની ગેપને ઓછો કરવા રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની સરકારોને મદદ કરશે. |
| ૧૭ સપ્ટેમ્બર | > | ચીનના રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગ ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા. ગુજરાતના અમદાવાદ ખાતે તેમનું આગમન થયું. |

| | | |
|---|---|---|
| ૧૮ સપ્ટેમ્બર | > | રાજસ્થાન રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ (NJAC) બીલ ૨૦૧૪ આપનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. તે દ્વારા રાજ્યમાં ઉચ્ચ ન્યાયપાલિકામાં કોલેજીયમ પ્રણાલીને સમાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. |
| ૧૯ સપ્ટેમ્બર | > | દક્ષિણ કોરિયાના ઈંચીયોનમાં આજથી ૧૭મા એશિયન ગેમ્સનો પ્રારંભ કરવામાં આવ્યો. ભારતીય હોકી ટીમના કેપ્ટન સરદારસિંહે તિરંગા સહિત ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું. |
| | > | ભારત ખાતેના નવા અમેરિકી રાજદૂત તરીકે ભારતીય મૂળના રીચાર્ડ રાહુલ વર્માની નિમણૂંક કરવામાં આવી. |
| ૨૪ સપ્ટેમ્બર | > | ભારત દ્વારા મંગળ ગ્રહની કક્ષામાં સફળ પ્રત્યારોપણ કરવામાં આવ્યું. આ મિશનને 'MOM' – Mars Orbiter Mission નામ આપવામાં આવ્યું છે. સમગ્ર વિશ્વમાં માત્ર ભારત દેશે જ પ્રથમ પ્રયત્ને આ પ્રકારના મિશનમાં સફળતા મેળવી છે. આ ઉપરાંત સૌથી ઓછા બજેટમાં આ મિશન પાર પાડવાનો પણ ભારતે વિક્રમ નોંધાવ્યો છે. આ સમગ્ર મિશન માટે ૪૫૦ કરોડ રૂપિયાનું બજેટ મંજૂર કરાયું હતું. |
| | | ભારતીય શૂટર અભિનવ બિન્દ્રાએ ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધામાં બે બ્રોન્ઝ મેડલ મેળવી એશિયન ગેમ્સમાંથી નિવૃત્તિ જાહેર કરી. |
| ૨૫ સપ્ટેમ્બર | > | ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે જસ્ટિસ વી.એમ.સહાયની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક કરવામાં આવી.<br>હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ભાસ્કર ભટ્ટાચાર્ય તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ નિવૃત્ત થતા હોવાથી જસ્ટિસ વી.એમ.સહાયની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક કરવામાં આવી. |
| | > | ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુ.એસ.ના પ્રવાસે. |
| ૨૭ સપ્ટેમ્બર | > | તમિલનાડુના મુખ્ય પ્રધાન જયલલિતાને આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા મુખ્ય મંત્રી પદેથી હટાવવાન ચુકાદા ઉપરાંત ચાર વર્ષની કેદની સજા કરવામાં આવી. |
| | | ભૂતપૂર્વ ક્રિકેટર રવિ શાસ્ત્રીને આગામી ક્રિકેટ વર્લ્ડ કપ સુધી ટીમના ડાયરેક્ટર તરીકે રાખવાનો નિર્ણય કરાયો. |
| ૨૮ સપ્ટેમ્બર | > | વર્લ્ડ હાર્ટ ડે |
| | > | સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે એચ.એલ.દત્તુના શપથ.<br>૨૭ સપ્ટેમ્બર ના રોજ નિવૃત્ત થયેલા આર.એમ.લોધાના સ્થાને ૬૩ વર્ષીય જસ્ટિસ હંડયાલ લક્ષ્મીનારાયણસ્વામી દત્તુ દેશના ૪૨ મા ચીફ જસ્ટિસ છે. |
| | > | ભારતના કુસ્તીબાજ યોગેશ્વર દત્તે એશિયાડ કુસ્તીમાં ગોલ્ડ મેડલ જીતીને ૨૮ વર્ષ બાદ ઈતિહાસ રચ્યો. |
| | > | તમિલનાડુના નવા મુખ્ય મંત્રી તરીકે પન્ની રસેલવમની પસંદગી કરવામાં આવી. તેઓ જયલલિતાની કેબિનેટમાં નાણા પ્રધાન હતા. |
| | > | મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણનું રાજીનામું.<br>શરદ પવારની એનસીપીએ કાંગ્રેસ સાથેનું ૧૫ વર્ષ જૂનું જોડાણ તોડી નાખતાં પૃથ્વીરાજ ચૌહાણની સરકાર લઘુમતીમાં આવી જતાં તેમને રાજીનામું આપવું પડયું. |
| | > | મહારાષ્ટ્રમાં સરકારનું ભંગાણ થતાં રાષ્ટ્રપતિ શાસન અમલમાં આવ્યું. |